# શ્રી સકલચંદ્રજી ઉપાધ્યાય કૃત
# સત્તર ભેદી પૂજા

## વિધિ

પ્રથમ સ્નાત્ર કરે, પછી અષ્ટપ્રકારી પૂજા કરે, ઉજ્જ્વલ રૂપા પ્રમુખની રકેબીમાં કુંકુમ તથા કેસર વગેરેનો સ્વસ્તિક કરે. પછી કેસર પ્રમુખ મિશ્રિત શુદ્ધ જળે સુંદર કળશ ભરી સ્થાપનાનો રૂપિયો કળશમાં નાખે, પછી કળશ રકેબીમાં રાખી સ્નાત્રીઆ મુખકોશ ઉત્તરાસંગથી કરી ત્રણ નવકાર ગણી નમસ્કાર કરે, હાથે ધૂપ દઈ રકેબી હાથમાં ધારણ કરે, મન સ્થિર રાખે, છીંક વર્જન કરે.

૧ **ન્હવણ**–સ્નાત્રીઆ પ્રભુજી સન્મુખ ઊભા રહે, પંચામૃતનો કળશ અડગ રાખે, અને મુખ થકી પહેલી પૂજાનો પાઠ ભણે. તે ભણીને પછી પ્રભુને પંચામૃતનું ન્હવણ કરે તથા પ્રભુની ડાબી બાજુને અંગૂઠે જળધારા આપે.

૨ **વિલેપન**–પછી સુંદર સૂક્ષ્મ અંગલૂહણે જિનબિંબ પ્રમાર્જી કેસર, ચંદન, મૃગમદ, અગર, કપૂરાદિકથી કચોલી ભરી હાથમાં લઈ ઊભો રહીને મુખ થકી બીજી પૂજાનો પાઠ ભણે, તે ભણીને વિલેપન કરી નવ અંગે પૂજન કરે.

૩ **વસ્ત્રયુગ્મ**–પછી અત્યંત સુકોમલ સુગંધિત અમૂલક વસ્ત્રયુગ્મ ઉપર કેસરનો સ્વસ્તિક કરી, પ્રભુજી આગળ ઊભો રહી મુખ થકી ત્રીજી પૂજાનો પાઠ ભણે, તે ભણીને પ્રભુજી આગળ વસ્ત્રયુગ્મ ચઢાવે.

૪ **વાસચૂર્ણ**–પછી અગરુચંદન, કપૂર, કુંકુમ, કસ્તૂરીનું ચૂર્ણ કરી, કચોલી ભરી, પ્રભુ આગળ ઊભો રહી મુખ થકી ચોથી પૂજાનો પાઠ ભણે, તે ભણીને વાસચૂર્ણ બિંબ ઉપર છાંટે તથા જિનમંદિરમાં ચૂર્ણ ઉછાળે.

૫ **પુષ્પ**–પછી ગુલાબ, કેતકી, ચંપો, કુંદ, મચકુંદ, સોવનજાતિ, જૂઈ, વિઉલસરી, ઇત્યાદિ સુગંધયુક્ત પંચવર્ણ ફૂલ લઈ ઊભો રહી, મુખથકી પાંચમી પૂજાનો પાઠ ભણે. તે ભણીને પંચવર્ણ ફૂલ ચઢાવે.

૬ **પુષ્પમાલા**–પછી નાગ, પુન્નાગ, મરુઓ, ડમરો, ગુલાબ, પાડલ, મોગરો, સેવંત્રી, ચંબેલી, માલતી પ્રમુખ પંચવર્ણના કુસુમની સુંદર માળા ગૂંથીને હાથમાં લઈ ઊભો રહી છઠ્ઠી પૂજાનો પાઠ ભણે, તે ભણીને પ્રભુજીને કંઠે ફૂલની માળા પહેરાવે.

૭ **પુષ્પની આંગી**–પછી પંચવર્ણ ફૂલની કેસરથી આંગી રચી, હાથમાં લઈ મુખથકી સાતમી પૂજાનો પાઠ ભણે, તે ભણીને સુગંધિત પુષ્પે કરી, અત્યંત ભક્તિએ ભગવંતના શરીરે આંગી રચે.

૮ **સુગંધી ચૂર્ણ**–પછી ઘનસાર, અગર, સેલારસ પ્રમુખ સુગંધવટી ઇત્યાદિક સુગંધી ચૂર્ણ રકેબીમાં નાખી, હાથમાં લઈ પરમેશ્વર આગળ ઊભા રહી, મુખથકી આઠમી પૂજાનો પાઠ ભણે. તે ભણીને પ્રભુજીને સુગંધી ચૂર્ણ ચઢાવે.

૯ **ધ્વજા**–પછી સધવા સ્ત્રીઓ એકઠી થઈને, પંચવર્ણી ધ્વજા, ધૂપસહિત સુવર્ણમય દંડે કરી સંયુક્ત, ઉજ્જ્વળ થાળમાં કુંકુમનો સ્વસ્તિક કરી, અક્ષત, શ્રીફળ, રૂપાનાણું ધરીને તે થાળમાં ધ્વજા ધારણ કરે. પછી તે સધવા સ્ત્રીના મસ્તકે રાખી ગીતગાન ગાતાં સર્વ જાતિના વાજિંત્ર વાજતાં, ત્રણ પ્રદક્ષિણા આપે. પછી ધ્વજા ઉપર ગુરુ પાસે વાસક્ષેપ કરાવે, પ્રભુ સન્મુખ ગહુંલી કરે, તે ઉપર અક્ષતથી સ્વસ્તિક કરે, સોપારી ચઢાવે, પછી મુખથકી નવમી પૂજાનો પાઠ ભણી ધ્વજા ચઢાવે.

૧૦ **આભરણ**–પછી પીરોજા, નીલમ, લસનીયા, મોતી, માણેકથી જડેલા એવા મુકુટ, કુંડલ, હાર, તિલક, બહેરખા, કંદોરાં, કડાં ઇત્યાદિક આભરણ લઈ મુખથકી દસમી પૂજાનો પાઠ ભણે, તે ભણીને આભરણ તથા રોકડ નાણું બમણું ચઢાવે.

૧૧ **પુષ્પઘર**–પછી કોલ, અંકોલ, કુંદ, મચકુંદ એવા સુગંધિત પુષ્પોનું ગૃહ બનાવી, છાજલી, ગોખ, કોરણી પ્રમુખની રચના કરી, હાથમાં લઈ મુખથકી અગિયારમી પૂજાનો પાઠ ભણે, તે ભણીને ફૂલઘર ચઢાવે. ફૂલની વંદનમાળા, તોરણ, ફૂલના ચંદુવા, પૂંઠીયાં પ્રમુખ બાંધે.

**૧૨ પુષ્પવર્ષા**–પછી પંચવર્ણી સુગંધિત પુષ્પ લઈ, ફૂલનો મેઘ વરસાવતો બારમી પૂજાનો પાઠ ભણે, તે ભણીને પુષ્પ ઉછાળે.

**૧૩ અષ્ટમાંગલિક**–પછી અખંડ તંદુલને રંગી, પંચવર્ણા કરી, એક થાળમાં દર્પણ, ભદ્રાસન, નંદાવર્ત્ત, પૂર્ણકુંભ, મત્સ્યયુગ્મ, શ્રીવત્સ, વર્દ્ધમાન અને સ્વસ્તિક, એ અષ્ટ માંગલિક રચી, તે થાળ હાથમાં લઈ પ્રભુજીની આગળ ઊભો રહી તેરમી પૂજાનો પાઠ ભણે, તે ભણીને રૂપાનાણે સંયુક્ત તે થાળ પ્રભુજી આગળ ધરે.

**૧૪ ધૂપોત્ક્ષેપ**–પછી કૃષ્ણાગરુ, કુંદરુ, સેલારસ, સુગંધવટી, ઘનસાર, કસ્તૂરી, ચંદન, અંબર ઇત્યાદિક વસ્તુનું ધૂપધાણું રકેબીમાં ધરી મુખથકી ચૌદમી પૂજાનો પાઠ ભણે. તે ભણીને ધૂપધાણું ઉખેવે.

**૧૫ ગીત**–પછી સુંદર સ્વરૂપવાન એવાં કુમાર કુમારિકાઓ મધુર સ્વરે પ્રભુજીની આગળ ઊભા રહ્યા થકાં ગીત ગાન કરે અને મુખ થકી પંદરમી પૂજાનો પાઠ ભણે, તે ભણીને પંદરમી પૂજા કરે.

**૧૬ નૃત્ય**–પછી પંચેંદ્રિયે પરિપૂર્ણ એવાં સુંદર કુમાર અને કુમારિકાઓ અથવા સમાન અવસ્થાવાળી સધવા સ્ત્રીઓ અથવા એકલી કુમારિકાઓ સુંદર વસ્ત્ર પહેરી પ્રભુની સન્મુખ ઊભા રહી શંકાકાંક્ષારહિત નાટક કરે, કદાચ સ્ત્રીઓનો યોગ ન બને તો સમાન અવસ્થાવાળા પુરુષ મળી નાટક કરતા થકા મુખથકી સોળમી પૂજાનો પાઠ ભણે, તે ભણીને સોળમી પૂજા કરે.

**૧૭ વાદ્ય**–પછી મૃદંગ, કંસાલ, તબલ, તાલ, ઝાંઝ, વીણા, સતાર, તૂરી, ભેરી, ફેરી, દુંદુભિ, શરણાઈ, ચંગ, નફેરી પ્રમુખ સર્વ જાતિનાં વાજિંત્ર બજાવતાં થકાં મુખથકી સત્તરમી પૂજાનો પાઠ ભણે, તે ભણીને સત્તરમી પૂજા કરે.

પૂજા ભણી રહ્યા પછી વસ્ત્ર પ્રમુખ પહેરી, ઉત્તરાસંગ કરે. પછી અંતરપટ કરી પોતાને લલાટે કુંકુમનું તિલક કરે, પછી અંતરપટ દૂર કરી, રકેબીમાં સ્વસ્તિક કરી માંહે રૂપાનાણું, તંદુલ, સોપારી ધરે. પછી આરતી દીપક સાથે સંયોજીને પ્રભુની સન્મુખ દક્ષિણાવર્ત્તથી સર્વ વાજિંત્ર વાજતાં આરતી કરે.